# સરકારી વિનયન કૉલેજ, કપરાડા, જિ. વલસાડ

Govt. Arts College Kaparada * Dist. Valsad *

સરકારી વિનયન કોલેજ
કપરાડા, જી.વલસાડ.
આવક નં. 115
તારીખ 22/05/2024

તા. 22/05/2024

## અહેવાલ

આજ રોજ તા. 22/05/2024 ના આદર્શ ગ્રામ પ્રોજેક્ટ અંતર્ગત BAIF Development Research Foundation કપરાડા અને Alliance of Biodiversity International and CIAT ના સહયોગથી "Seed Bank Inauguration and Celebration of International Day for Biodiversity" કાર્યક્રમ કપરાડા તાલુકાના અરણાઈ ગામે આયોજિત થયો. જેમાં સરકારી વિનયન કૉલેજ, કપરાડાના SSIP અંતર્ગત આ કાર્યક્રમમાં આચાર્યશ્રી ડૉ. ડી.એન.દેવરી સાહેબ, SSIP કૉ-ઑર્ડીનેટર શ્રી એમ.પી.પટેલ તથા 18 વિદ્યાર્થી ભાઈ-બહેનો શ્રી જિતિન સાઠેસાહેબ (ACPE-Additional Chief Programme Executive), BAIF કપરાડા કે જેઓ આપણી કૉલેજના IQAC ના પ્રતિષ્ઠિત સભ્યશ્રી છે તેમના આમંત્રણ થકી કાર્યક્રમમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો.

આ કાર્યક્રમમાં અધ્યક્ષ સ્થાને સરકારી વિનયન કૉલેજ, કપરાડાના આચાર્યશ્રી ડૉ. ડી.એન.દેવરી સાહેબ હતા. જે કૉલેજ માટે ગૌરવની બાબત હતી. અધ્યક્ષ સ્થાનેથી પ્રવચન આપતાં સાહેબશ્રીએ સ્થાનિક ભૌગોલિક પાર નદી અને નાર નદીની વાત કરી, સ્થાનિક પ્રકૃતિનો ખ્યાલ આપી, જૈવ વિવિધતાનો પરિચય કરાવ્યો. સાથે સાથે એમણે આ જૈવ વિવિધતાને સાચવવા પણ ઉપસ્થિત સૌ ગ્રામજનો અને વિદ્યાર્થીઓને આહવાન કર્યું.

શ્રી સંજય પાટીલ સાહેબ ( Chief Thematic Programme Executive, BAIF) કે જેમણે પારંપરિક વિવિધ બિયારણો વિશે વિસ્તૃત સમજ આપી હતી. એમણે અને આમધા ગામના વતની શ્રીમતિ રમિલાબેન પટેલ કે જેઓ વનૌષધિ સાથે સંકડાયેલ છે એમણે આચાર્યશ્રી ડૉ. ડી.એન.દેવરી સાહેબની વિનંતી સ્વીકારી આપણી કૉલેજના વિદ્યાર્થીઓને પ્રત્યક્ષ ડેમો સાથે વિવિધ વનસ્પતિઓ તથા છોડના ઉપયોગ તેમજ Herbal medicine, Herbal Product વિશે વિસ્તૃત માહિતી આપી હતી. આ માહિતી વિદ્યાર્થીઓને Start-up સંદર્ભે ખૂબ જ ઉપયોગી નીવડશે.

"Seed Bank Inauguration and Celebration of International Day for Biodiversity" કાર્યક્રમમાં શ્રી શુકોરભાઈ જીમટા( ડેપ્યુટી સરપંચ, અરણાઈ), દીકુભાઈ ભોયા (President of the local Seed Savers Committee, અરણાઈ), શ્રી અનુપ મહાજન, (CSR Coordinator, Larson & Toubro – Navsari), શ્રી ઓમ દેશમુખ, (an Organic farming expert from Nashik,

Maharashtra), શ્રી સંજય પાટીલ સાહેબ, (Chief Thematic Programme Executive - Agrobiodiversity, BAIF), શ્રી ઉત્કર્ષ ઘાટે (Subject Matter Specialist, BAIF), શ્રી જિતિન સાઠે સાહેબ (ACPE- Additional Chief Programme Executive), BAIF કપરાડા, શ્રી અભિષેક પાડેં (Additional Chief Programme Executives, BAIF) તેમજ કૉલેજના 18 વિદ્યાર્થી ભાઈ-બહેનો, કૉલેજના આચાર્યશ્રી, SSIP કો-ઑર્ડીનેટર શ્રી એમ.પી.પટેલ ઉપરાંત અરણાઈ ગામના લોકો, અરણાઈ ગામના આસપાસના ગ્રામજનો, ધરમપુર તાલુકાના કેટલાક ગામના લોકો મળી આશરે ૧૫૦ જેટલા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમના અંતે ઉપસ્થિત સર્વેએ ભોજન લઈ આપણી કૉલેજના હાજર તમામ વિદ્યાર્થીઓ કૉલેજ પરત ફર્યા. આચાર્યશ્રી અને શ્રી એમ.પી.પટેલે વેકેશન હોવા છતાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો તે બદલ વિદ્યાર્થીઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

Govt. Arts College-Kaparada * Dist. Valsad

Principal,
Govt. Arts College Kaprada
Ta. Kaprada, Dist. Valsad.